## આકાશવાણી ભુજ

## સમાચાર વાચક : શીતલ વૈશ્નવ

## ડીઇઓ : પ્રદિપ ચાવડા

**તારીખ : 01-07-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## PM – મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીમાં બંધારણ અને દેશની લોકતાંત્રિક પ્રણાલીમાં તેમના વિશ્વાસને પુનરાવર્તિત કરવા બદલ દેશવાસીઓનો આભાર માન્યો હતો. ગઇકાલે આકાશવાણી પરથી મનકી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ દેશવાસીઓને કહ્યું કે,

છેલ્લા એક દાયકા દરમિયાન ભારતમાં વન વિસ્તારનો અભૂતપૂર્વ વિસ્તરણ થયો છે અને અમૃત મહોત્સવ દરમિયાન દેશભરમાં 60 હજારથી વધુ અમૃત સરોવરો પણ બનાવવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ સમય સુધીમાં આ મહિને પેરિસ ઓલિમ્પિક શરૂ થઈ જશે. તેમણે ભારતીય ટુકડીને ઓલિમ્પિક ગેમ્સ માટે શુભેચ્છા પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ આકાશવાણી પરિવારને પણ અભિનંદન પાઠવ્યા હતા કારણ કે આકાશવાણીએ સંસ્કૃત બુલેટિન ગઇકાલે તેના પ્રસારણના 50 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. શ્રીમોદીએ કહ્યું કે, એક સપ્તાહ પછી પવિત્ર રથયાત્રા શરૂ થવા જઈ રહી છે. તેમણે ભગવાન જગન્નાથના આશીર્વાદ તમામ દેશવાસીઓ પર રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## વિશ્વ બેંકની સહાય

વિશ્વ બેંકે ભારતને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે 150 કરોડ ડૉલરની નાણાકીય સહાયને મંજૂરી આપી દીધી છે. ગ્રીન હાઇડ્રોજન અને ઇલેક્ટ્રોલાઇઝર માટે બજારને પ્રોત્સાહન તેમજ પુનપ્રાપ્ય ઊર્જાને વધારવા હેતુથી આ નાણાકીય સહાય જાહેર કરાઈ છે.

આ પૂર્વે જૂન, 2023માં વિશ્વ બેંકે પ્રથમ નિમ્ન-કાર્બન એનર્જી પ્રોગ્રામૅટિક ડેવલપમૅન્ટ પૉલિસી ઑપરેશન માટે દોઢસો કરોડ ડૉલરની સહાયના પ્રથમ હપ્તાને મંજૂરી આપી હતી.

રાષ્ટ્રીય ગ્રીન હાઇડ્રોજન મિશન અને ઊર્જા પરિવર્તન લક્ષ્યોની પ્રાપ્તી એ ભારતનો હેતુ છે, જે માટે ભારત ભંડોળ મેળવવા પ્રયાસ કરી રહ્યું છે. કેન્દ્ર સરકારે વર્ષ 2030 સુધી 500 ગીગાવૉટ પુનપ્રાપ્ય ઊર્જા હાંસલ

કરવાનો તેમજ 2027 સુધી કાર્બન ઉત્સર્જન શૂન્ય સુધી લઈ જવાનો લક્ષ્યાંક મૂક્યો છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## નવા ફોજદારી ફાયદા

દેશમાં આજથી ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ એમ ત્રણ નવા ફોજદારી અમલમાં આવશે. કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે નિયમિત બેઠક યોજી છે અને તેઓ આ ત્રણેય નવા કાયદા લાગુ કરવા માટે ટેકનોલોજી, ક્ષમતા નિર્માણ અને જાગૃતિ વધારવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

આ મામલે પોલીસ અને તપાસ અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે. આકાશવાણી અને દૂરદર્શનના સમાચાર બૂલેટિન, કાર્યક્રમો, ચર્ચાઓ અને સામાજિક માધ્યમના પ્લેટફૉર્મની મદદથી આ વિષય અંગે ઊંડાણપૂર્વક ચર્ચાઓ તેમ જ વિશ્લેષણ કરવામાં આવ્યા છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રવિન્દ્ર જાડેજાની નિવૃત્તિ

વિરાટ કોહલી, રોહિત શર્મા બાદ જામનગરના જડ્ડુ રવિન્દ્ર જાડેજાએ પણ T20 વર્લ્ડકપ ફોર્મેટ માંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે.. નિવૃત્તિની જાહેરાત કરતા સોશિયલ મીડિયામાં ક્રિકેટ પ્રેમીઓનો રવિન્દ્ર જાડેજાએ આભાર વ્યક્ત કર્યો હતો..

સોશિયલ મીડિયા પોસ્ટમાં જાડેજાએ કહ્યું હતું કે કૃતજ્ઞતાથી ભરેલા હૃદય સાથે, હું T20 આંતરરાષ્ટ્રીય મેચોને વિદાય આપું છું. ગર્વ સાથે કહું છે કે મેં હંમેશા મારા દેશ માટે મારું સર્વશ્રેષ્ઠ આપ્યું છે અને અન્ય ફોર્મેટમાં આમ કરવાનું ચાલુ રાખીશ.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રાજ્ય- કચ્છ વરસાદ

રાજ્યમાં ગઇકાલે 190 તાલુકામાં વરસાદ નોંધાયો છે. મોટાભાગના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદે ગરમીના માહોલને દૂર કરી દીધો હતો. રાજ્યમાં સૌથી વધુ 6 ઇંચ વરસાદ સુરતના પલસાણા તાલુકામાં થયો હતો. તો અમદાવાદમાં સાત ઈંચ વરસાદ નોંધાયો હતો.

તો અરબી સમુદ્રમાં સક્રિય થયેલી સિસ્ટમની અસર તળે રવિવારે કચ્છમાં જેઠ માસમાં આષાઢી મિજાજ સાથે વરસેલા વરસાદે રાપર-નખત્રાણાને બાદ કરતાં આઠ તાલુકામાં વરસાદ પડ્યો હતો. મુંદરામાં ગઇકાલે એક કલાકમાં સાડા ત્રણ ઇંચ સાથે દિવસ દરમ્યાન સાડા ચાર

ઇંચની મેઘકૃપા વરસી હતી. જિલ્લા મથક ભુજમાં અઢી, અંજાર-ગાંધીધામ અને માંડવીમાં દોઢ, અબડાસામાં એક તો લખપત-ભચાઉમાં ભારે ઝાપટાં વરસ્યાં હતાં.

અરબી સમુદ્રમાં ત્રણ સિસ્ટમ સક્રિય થઇ છે, આ સર્ક્યુલેશન દક્ષિણ-પૂર્વ પાકિસ્તાન અને કચ્છમાં કેન્દ્રિત છે, જેની અસર તળે કચ્છમાં સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદ વરસવાની હવામાન વિભાગે આગાહી કરી છે. સાત પૈકી ત્રણ દિવસ તોફાની વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

**RNU અમદાવાદ / N.P. શીતલ વૈશ્નવ**

-----------------------------------------------------------------------

## ગાંધીધામ- ચોખાનો જથ્થો

ડિરેક્ટરોટ ઓફ રેવન્યુ ઇન્ટેલીજન્સ ગાંધીધામ દ્વારા 40 કન્ટેઇનર ભરેલા ચોખાના જથ્થાને મુંદ્રા બંદરે રોકી દેવામાં આવ્યા છે.

અમારા ભૂજના પ્રતિનિધી હેમાંગ પટ્ટણી જણાવે છે કે, આ કન્ટેઇનરોમાં ચોખાનો જથ્થો હતો, જેની નિકાસ દુબઇમાં કરવામાં આવી રહી હોવાની બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. જે ચોખા મોકલવામાં આવનાર હતા,

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------